www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Monday
02.11.2020
*Volume :5 * Issue No. 77
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ કેરળના સ્થાપના દિન નિમિત્તે કેરળના લોકોને શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કેરળના સ્થાપના દિન નિમિત્તે કેરળના લોકોને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે "કેરળ પીરાવી દિવસની કેરળના અદભુત લોકોને શુભેચ્છા, જેમણે હંમેશાં ભારતની વૃદ્ધિમાં કાયમી યોગદાન આપ્યું છે. કેરળના કુદરતી સૌન્દર્યએ વિશ્વભરના લોકોને આકર્ષિત કરીને, તેને સૌથી લોકપ્રિય સ્થળોમાં સ્થાન આપ્યું છે. કેરળની સતત પ્રગતિ થાય તેવી પ્રાર્થના કરું છું."

## પ્રધાનમંત્રીએ મધ્ય પ્રદેશના સ્થાપના દિન નિમિત્તે મધ્ય પ્રદેશના લોકોને શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશની જનતાને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે "મધ્ય પ્રદેશના રહેવાસીઓને રાજ્યના સ્થાપના દિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ. મધ્ય પ્રદેશના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છાઓ. રાજ્ય મુખ્ય ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે અને આત્મનિર્ભર ભારતના આપણા સપનાને સાકાર કરવામાં લાંબા ગાળાનું યોગદાન આપી રહ્યું છે."

## પ્રધાનમંત્રીએ કર્ણાટકના રાજ્યોત્સવ નિમિત્તે કર્ણાટકના લોકોને શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કર્ણાટક રાજ્યોત્સવ નિમિત્તે કર્ણાટકના લોકોને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "કર્ણાટકની મારી બહેનો અને ભાઈઓને કર્ણાટક રાજ્યોત્સવની શુભેચ્છાઓ. રાજ્ય લોકોની તાકાત અને કુશળતાથી ચાલે છે, કર્ણાટક પ્રગતિની નવી ઉંચાઈને આગળ ધપાવી રહ્યું છે. હું કર્ણાટકના લોકોના સુખ અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરું છું."

## પ્રધાનમંત્રીએ છત્તીસગઢના લોકોને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢની જનતાને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "રાજ્યના સ્થાપના દિન નિમિત્તે છત્તીસગઢના લોકોને હાર્દિક શુભેચ્છાઓ. હું ઈચ્છું છું કે પ્રાચીન કાળથી વિવિધ સંસ્કૃતિઓનું કેન્દ્ર બનેલું આ રાજ્ય પ્રગતિ અને સમૃદ્ધિના માર્ગ પર આગળ ધપે."

## પ્રધાનમંત્રીએ આંધ્રપ્રદેશના લોકોને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના લોકોને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "આંધ્ર પ્રદેશ સખત પરિશ્રમ અને કરુણાનું પર્યાયી છે. આંધ્ર પ્રદેશ સાથે જોડાયેલા લોકોએ અનેક ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરી છે. આંધ્ર પ્રદેશના સ્થાપના દિન નિમિત્તે રાજ્યના લોકોને શુભેચ્છાઓ અને તેમની વિકાસલક્ષી આકાંક્ષાઓ માટે શુભકામનાઓ."

### બિહારમાં ચૂંટણી સભા સંબોધતા વડાપ્રધાન વિપક્ષ પર વરસ્યા

# એકબાજુ ડબલ એન્જિનની સરકાર અને બીજીબાજુ ડબલ યુવરાજ: મોદી



### છઠ પૂજાની તૈયારી કરો મા, દિલ્હીમાં આપનો દિકરો બેઠો છે, સરદારસાહેબ કૉંગ્રેસ પાર્ટીના હતા કે નહીં?, છતાં તેમની જયંતી પર સ્મરણ સુદ્ધા ન કર્યું

કમલમ દૈનિક, છપરા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર ચૂંટણીના બીજા તબક્કાના મતદાન પહેલાં છપરા સહિત ત્રણ ચૂંટણી રેલીઓને સંબોધી હતી. તેમણે જનતાને બિરદાવતા કહ્યું કે, આ એક અદભૂત નજારો છે. અહીંના લોકોનો ઉત્સાહ જોવા લાયક છે. પહેલા તબક્કાના મતદાનથી સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે નીતિશબાબુના નેતૃત્વમાં બિહારમાં ફરીથી એનડીએની સરકાર બની રહી છે. પહેલા તબક્કાના મતદાનમાં તમે એનડીએને જે ભારે સમર્થનના સંકેત આપ્યા છે અને જેમણે પણ મતદાન કર્યું છે તેમનું હું અભિવાદન કરું છું. આ દરમિયાન પીએમ મોદીએ વિપક્ષ ઉપર આકરા પ્રહારો કર્યા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'ભાજપ માટે, એડીએ માટે તમારો આ પ્રેમ કેટલાક લોકોને ગમતો નથી, રાતે તેમને ઊંઘ નથી આવતી. ક્યારેક ક્યારેકતો તેઓ પોતાના જ કાર્યકરોને મારી ફેંકે છે. તેમની હતાશા-નિરાશા, ગુસ્સો, હવે બિહારની જનતા બરાબર જોઈ રહી છે. ચહેરા પરથી હાસ્ય ગાયબ થઈ ગયું છે. બિહારના લોકોને તેમની ભાવનાઓને આ લોકો ક્યારેય સમજી શકતા નથી. તેઓ પોતાના પરિવાર માટે પેદા થયા છે, પોતાના પરિવાર માટે જીવે છે, તેમના પરિવાર માટે જ ઝઝૂમી રહ્યા છે. તેમને બિહાર સાથે કે બિહારની યુવા પેઢી સાથે કોઈ લેવા દેવા નથી.

બિહારના લોકોની લાગણીઓને આ લોકો ક્યારેય સમજી શકતા નથી. આ લોકો તેમના પરિવાર માટે જન્મે છે, તેમના પરિવાર માટે જીવે છે અને ફક્ત તેમના પરિવાર માટે ઝઝૂમતા રહે છે. તેમને ના તો બિહાર સાથે કોઈ લેવા-દેવા છે, ના તો બિહારની યુવા પેઢીના સપનાઓ સાથે લેવા-દેવા છે. જેમની નજર હંમેશા ગરીબોના પૈસા પર હોય, તેમને ક્યારેય ગરીબોના દુઃખ તેમની તકલીફો કયારેય દેખાશે નહીં. તો ભાજપના નેતૃત્વમાં એનડીએનું ગઠબંધન બિહારના ગરીબના જીવનની મુશ્કેલીઓ ઓછી કરી રહ્યા છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કેટલાક લોકોને ભાજપ માટે, એનડીએ પ્રત્યેનો આ પ્રેમ ગમતો નથી. તેની હતાશા, નિરાશા, તેમનો ગુસ્સો, તેમનો ગુસ્સો હવે બિહારના લોકો જોઈ રહ્યા છે. જેની નજર હંમેશાં ગરીબોના નાણાં પર હોય છે, તે ગરીબોનું દુઃખ, તેમની તકલીફ કદી જોશે નહીં. તે જ સમયે, ભાજપના નેતૃત્વ હેઠળ, એનડીએનું અમારું જોડાણ, બિહારના ગરીબોના જીવનથી, દેશના ગરીબોના જીવનમાંથી મુશ્કેલીઓ ઘટાડી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે પહેલા તબક્કામાં લોકોએ ભારે મતદાન કર્યું છે. મતદાનના પ્રથમ તબક્કાના વિશ્લેષણથી સ્પષ્ટ છે કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળ ફરીથી એનડીએ સરકારની રચના કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'આજે બિહારની સામે ડબલ એન્જિન સરકાર છે. તો બીજી બાજુ ડબલ ડબલ યુવરાજ પણ છે. તેમાંથી એક તો જંગલરાજના પણ યુવરાજ છે. ડબલ એન્જિનવાળી એનડીએ સરકાર બિહારના વિકાસ માટે પ્રતિબદ્ધ છે, તો આ ડબલ ડબલ યુવરાજ પોત પોતાના સિંહાસનને બચાવવાની લડાઈ લડી રહ્યા છે.'

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ છઠ્ઠ ઉત્સવની ચર્ચા કરતી વખતે બિહારની મહિલાઓને સંબોધન કર્યું હતું. પીએમએ કહ્યું કે, આજે વિશ્વમાં એવું કોઈ નથી કે જેને કોરોનાથી અસર થઈ ન હોય, જેને આ રોગચાળાથી નુકસાન ન પહોંચ્યું હોય. એનડીએ સરકારે આ કટોકટીમાં બિહારના ગરીબ, દેશના ગરીબો, ગરીબોની સાથે ઉભા રહેવાની કોરોનાની શરૂઆતથી જ પ્રયાસ કર્યો છે. ગરીબોને મફત અનાજ આપવું. પીએમએ કહ્યું કે કોરોના યુગ દરમિયાન કોઈ માતાને ચિંતા કરવાની જરૂર નથી કે તે છઠ પૂજા કેવી રીતે ઉજવશે. હે મારી મા! જો તમે તમારા દીકરાને દિલ્હી મૂક્યા છે, તો શું તે છથની ચિંતા કરશે નહીં! મા! તમે છઠની તૈયારી કરો, તમારો પુત્ર દિલ્હી બેઠો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દેશમાં ચારે તરફ વિકાસ વખતે આપ સૌએ તાકાતોથી સાવધાન રહેવાની જરૂર છે. જે પોતાના રાજકીય સ્વાર્થ માટે દેશહિત વિરૂદ્ધ જવાથી પર આવી રહ્યા નથી. આ તે લોકો છે જે દેશના બહાદુર સૈનિકોના બલિદાનમાં તેમનો લાભ પણ જુએ છે. પીએમએ કહ્યું કે, ૨-૩ દિવસ પહેલા પાડોશી દેશએ પુલવામા હુમલાની સત્યતા સ્વીકારી લીધી છે. આ સત્યથી તે લોકોના ચહેરાઓ પરનું આવરણ દૂર થયું જેઓ હુમલો પછી આફવા ફેલાવી રહ્યા હતા.

## ગૃહમંત્રી અમિત શાહ આવશે ગુજરાત, ભારત-પાકિસ્તાન સરહદની કરશે મુલાકાત



કમલમ દૈનિક,

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૨ નવેમ્બરના રોજ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવશે. લોકડાઉન બાદ અમિત શાહ પ્રથમ બીજીવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રી દિવાળી વખતે ગુજરાતના કચ્છ નજીક આવેલી ભારત-પાકિસ્તાન સરહદની મુલાકાત લેશે. ગૃહમંત્રી બન્યા બાદ ભારત-પાકિસ્તાન સરહદની તેમની આ પ્રથમ મુલાકાત હશે. આ દરમિયાન તેઓ સુરક્ષા સાથે મુલાકાત કરશે. કેન્દ્રીય ગૃહમંત્રીની મુલાકાત પહેલાં બીએસએફના ડીજી રાકેશ અસ્થાના પણ કચ્છનો પ્રવાસ કરશે.

## પ્રધાનમંત્રીએ હરિયાણાના લોકોને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના લોકોને રાજ્યના સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'ભારતીય ઈતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવતા હરિયાણાના તમામ રહેવાસીઓને રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ. સમૃદ્ધિ અને પ્રગતિનું પ્રતીક એવું આ રાજ્ય પ્રગતિના નવા કીર્તિમાન સ્થાપિત કરતું રહે તેવી શુભેચ્છા."

### ડેમોક્રેટિક નેશનલ કમિટીના પ્રમુખ થોમસનું મોટું નિવેદન

## અમેરિકા ચૂંટણીમાં ભારતીય અમેરિકન મતો નિર્ણાયક સાબિત થશે




કમલમ દૈનિક, વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ ૩ નવેમ્બરની ચૂંટણીને અમેરિકાના ઈતિહાસમાં 'સૌથી મહત્વપૂર્ણ' ગણાવી છે. આ માટે બંને રિપબ્લિકન અને ડેમોક્રેટિક પક્ષો ભારતીય-અમેરિકન સમુદાયને જાહેરાતો, ભાષણોથી આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડેમોક્રેટિક નેશનલ કમિટીના પ્રમુખ થોમસ પેરેઝએ કહ્યું છે કે અમેરિકન ચૂંટણીમાં ભારતીય અમેરિકન મતો નિર્ણાયક સાબિત થશે. ચર્ચા છે કે આ વખતે ભારતીય-અમેરિકન સમુદાય ચૂંટણીમાં કિંગમેકર સાબિત થશે. એક અખબારના જણાવ્યા મુજબ અમેરિકામાં ૨૫.૭ કરોડ લોકો ૧૮ વર્ષથી વધુની ઉંમરના છે અને લગભગ ૨૪ કરોડ નાગરિકો મતદાન કરવા યોગ્ય છે. ૧૮ લાખ ભારતીય-અમેરિકન સમુદાયના લોકો માટે તે કયાંય વધુ મહત્વપૂર્ણ છે કારણ કે કેટલાક રાજ્યોમાં તેમની ભૂમિકા નિર્ણાયક સાબિત થવાની છે. ફલોરિડા યુનિવર્સિટી ખાતે અમેરિકન ચૂંટણી પ્રોજેક્ટ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં આઠ કરોડથી વધુ લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરી ચૂકયા છે. તેની સાથે જ એક સદી કરતાં પણ વધુમાં મહત્તમ ભાગીદારી માટે મંચ તૈયાર થઈ ચૂકયો છે. પ્રારંભિક મતદાતા માહિતી કેન્દ્ર સંચાલિત કરનાર રીડ કોલેજમાં રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર પૌલ ગ્રોક્કે જણાવ્યું હતું કે, અમે ખૂબ જ ઉત્સાહિત, રસ ધરાવતા ચૂંટણી મંડળ જોઈ રહ્યા છીએ અને શરૂઆતમાં જ મદાન કરવાના સંદેશની જરૂરિયાતને સમજનાર પ્રજા જોઈ રહી છે. હ્યુસ્ટનમાં ભારતીય-અમેરિકન સમુદાયના નેતા અચલેશ અમરે જણાવ્યું હતું કે ભારતીયોને કાયદાનું રાજ પસંદ કરવાની જગ્યાએ ટ્રમ્પના પક્ષમાં મતદાન માટે પ્રેરિત થવું પડ્યું છે.

## હવામાન વિભાગની ઠંડીને લઈને આગાહી, ગુજરાતમાં આવતા ૪ દિવસમાં પારો ગગડશે



ગાંધીનગર,તા.૧

ગુજરાતમાં ફૂલ ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. વહેલી સવારે હળવી ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. અમદાવાદ-ગાંધીનગર સહિતના મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો નીચે આવ્યો છે. અમદાવાદ સહિત રાજ્યના ૧૪ શહેરોમાં ઠંડીનો પારો ૨૦ ડિગ્રીની આસપાસ પહોંચ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી ચાર દિવસમાં ઠંડીમાં હજી વધારો થવાની શકયતા છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં સક્રિય થયેલા સાયકલોનિક સરક્યૂલેશનની અસરથી રાજ્યમાં ઠંડા પવનોનું જોર વધ્યું છે.

પરિણામે આગામી ચાર દિવસમાં શહેરમાં ઠંડીનો પારો ૧૮ ડિગ્રીથી નીચે જવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જાણકારોના મતે આ વર્ષે સામાન્ય કરતાં વધું ઠંડી પડશે. જેનું કારણ ભારતથી પ્રશાંત મહાસાગરને માનવામાં આવી રહ્યું છે. હવામાનની સચોટ આગાહીઓ કરવા માટે જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે શિયાળાનો વરતારો આપ્યો હતો. તેમણે સમગ્ર ઋતુ કેવી રહેશે તેના અંગે અનુમાન વ્યકત કર્યુ છે. બાલાલ પટેલે કહ્યું હતું કે, હાલ પરોઢિયે વધુ ઠંડી પડશે અને ૧થી ૭નવેમ્બર આસપાસ સુધી વાદળ વાયુનું સર્જન થશે. કોઈ કોઈ ઠેકાણે હળવું માવઠું થવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં ઠંડી વધે તેવી શક્યતા વ્યક્ત કરી છે. અંબાલાલે જણાવ્યું કે ૭મી નવેમ્બર આસપાસ સવારે ઠંડીનો ચમકારો આવી શકે છે અને ૧૮-૧૯ નવેમ્બર આસપાસ સવારે ઠંડીનો વધુ ચમકારો આવી શકે છે. જ્યારે દેશાવર ઠંડીનું આગમન ત્યારબાદ થશે અને આગામી ૪ ડિસેમ્બરથી ઠંડીનું પ્રમાણ વધશે અને ન્યુનતમ તાપમાન ઉત્તર ગુજરાતના ભાગોમાં નીચું જશે.

## કોરોના વાયરસથી સંક્રમિત તમિલનાડુના કૃષિ મંત્રીનું નિધન



ચેન્નાઈ,તા.૧

કોરોના વાયરસથી સંક્રમિત તમિલનાડુના કૃષિ મંત્રી આર દોરાઈક્કન્નૂનું શનિવારે મોડી રાતે નિધન થયું છે. તેઓ ચેન્નઈની કાવેરી હોસ્પિટલમાં દાખલ હતા. આર દોરાઈકન્નૂને ૧૩ ઓક્ટોબરે શ્વાસ લેવામાં તકલીફ થતાં હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યા હતા. શનિવારે કાવેરી હોસ્પિટલના કાર્યકારી ડાયરેક્ટર ડૉ અરવિંદ સેલ્વરાજે સ્વાસ્થ્ય બુલેટિનમાં જણાવ્યું હતું કે સોમવારે મંત્રીનો ગંભીર નિમોનિયાનો ઈલાજ શરૂ કરાયો હતો. અન્ય કેટલીય બીમારીઓ હોવાથી મહત્વના અંગોએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. હોસ્પિટલે જણાવ્યું હતું કે સીટી સ્કેન મુજબ તેમના ફેફસાનો ૯૦ ટકા ભાગ સંક્રમિત છે અને તેમને ઈસીએમઓ અને વેંટિલેટર પર રાખવામાં આવ્યા હતા. કાવેરી હોસ્પિટલે જણાવ્યું કે દોરાઈક્કન્નૂને કેટલાક દિવસ પહેલાં શ્વાસ લેવામાં તકલીફ થવાની ગંભીર ફરિયાદ બાદ હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યા હતા અને તપાસ દરમ્યાન તેઓ કોરોના સંક્રમિત હોવાનું જાણવા મળ્યું હતું.

## તંત્રી સ્થાનેથી......

ભારતમાં સક્રિય કેસની સંખ્યામાં ઘટાડાનું વલણ એકધારું જળવાઈ રહ્યું છે. લગભગ ત્રણ મહિના પછી સક્રિય કેસની સંખ્યા ૬ લાખ કરતાં ઓછી નોંધાયા પછી સળંગ ત્રીજા દિવસે આ આંકડો ૬ લાખની નીચે જળવાઈ રહ્યો છે અને તેમાં પ્રગતિપૂર્વક ઘટાડો નોંધાઈ રહ્યો છે. હાલમાં ભારતમાં કુલ સક્રિય કેસનું ભારણ ૫,૭૦,૪૫૮ છે. દેશમાં કુલ નોંધાયેલા પોઝિટીવ કેસમાંથી સક્રિય કેસની સંખ્યા ઘટીને માત્ર ૬.૯૭% સુધી પહોંચી ગઈ છે જે કુલ કેસમાંથી એકધારા કેસ ઘટી રહ્યાં હોવાનું દર્શાવે છે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સહકારમાં કેન્દ્ર સરકારની સઘન પરીક્ષણ, સમયસર ટ્રેકિંગ, ઝડપથી હોસ્પિટલાઈઝેશન અને પ્રમાણભૂત સારવારના પ્રોટોકોલના ચુસ્ત પાલનની વ્યૂહનીતિના અમલના કારણે આ સિદ્ધિરૂપ પરિણામો એકધારા જળવાઈ રહ્યાં છે. આના કારણે તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં તેમજ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવેલા દર્દીઓને પ્રમાણભૂત ગુણવત્તાપૂર્ણ તબીબી સંભાળ મેળવવાનું સમગ્ર દેશમાં સુનિશ્ચિત થઈ શક્યું છે. સક્રિય કેસના ભારણમાં ઘટાડાનો પથ તમામ અલગ અલગ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઘટાડા તરફી વલણ દર્શાવી રહ્યો છે જે કોવિડ-૧૯ સામે તેમની લડાઈમાં કેન્દ્રિત પ્રયાસો અને તબક્કાવાર વિકસિત પ્રગતિ દર્શાવે છે. કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડા સાથે, ભારતમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ કેસની સંખ્યા ઘટી ગઈ છે અને દુનિયામાં સૌથી ઓછા કેસ ધરાવતા દેશોમાં ભારત છે. ભારતમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ કેસની સરેરાશ સંખ્યા ૫,૯૩૦ છે. ૧૭ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ કેસની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછી છે. ભારતમાં મૃત્યુઆંકમાં પણ સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૭૦ દર્દીઓ મૃત્યુ પામ્યા હોવાનું નોંધાયું છે. ભારતમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુની સંખ્યા ૮૮ છે. આ આંકડો દુનિયામાં સૌથી નીચા આંકડા ધરાવતા દેશોમાંથી એક છે. ૨૧ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછી છે.

# પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે સરકારની "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ" જેવી લોકકલ્યાણકારી યોજનાઓ તથા ૧૮૧ હેલ્પલાઈનની માહિતી આપતી શિબિર યોજાઈ






કમલમ દૈનિક,

પાલનપુર નગરપાલિકા સ્ટ્રીટલાઈટ ચેરમેન ભારતી બી. ઠાકોર દ્વારા પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી પી.આર. મોદી, તથા મહિલા પોલીસ વર્ષાબેન મેહતા, ૧૮૧ હેલ્પલાઈનના જીનલબેન તથા તેમના સ્ટાફ અને આ ગામના સરપંચ શ્રીમતી નિરુબેન હર્ષવર્ધનભાઈ ચૌધરીની ઉપસ્થિતમાં ૧૮૧ હેલ્પલાઈનની ટીમના સહકારથી મહિલાઓને મળતી સુરક્ષાની જાણકારી સાથે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ" યોજના ઉપરાંત અન્ય લોકહિતની યોજનાઓની માહિતી અને નિઃશુલ્ક ફોર્મનું વિતરણ કરી દેશહિત માટે તે ફોર્મની દસ કોપી કરાવી અન્ય દસ લોકોને આપી તેમને પણ બીજા દસ દસ લોકો સુધી આ ફોર્મ નિઃશુલ્ક પહોંચાડી છેવાડાના લોકો સુધી તેમનો હક પહોંચાડવાના "અંત્યોદય"ના આ અભિયાનમાં સહકાર આપવા લોકોને જોડ્યા...સાથે જાહેર અપીલ પણ કરી કે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ" યોજના અંતર્ગત આખા ગુજરાતમાં દસ લાખ મહિલાઓ માટે ૧૦૦૦ કરોડનો ટાર્ગેટ, જ્યારે તેમાંથી એક લાખ મહિલાઓ માટેના આત્મનિર્ભરના આ અભિયાન થકી "અંત્યોદય" માટે ૩૧/૩/૨૦૨૧ સુધીમાં ૧૦૦ કરોડ બનાસકાંઠામાં ડીઝબર્સ કરાવી અખંડ સ્વદેશ નવનિર્માણ વિઝન-૨૦૩૪ તરફ પ્રયાણનો અમારો સંકલ્પ છે. ઉપરાંત "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ" યોજના અંતર્ગત દસ લાખ મહિલાઓને ૧૦૦૦ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે જેનો ઉપયોગ તેઓ કોઈને કોઈ ચીજવસ્તુઓ ખરીદવા પાછળ કરશે, હવે આ ચીજવસ્તુઓ પાછળ સરકારી તિજોરીમાં માત્ર ૧૦? પણ જી્ અને ઈક્રમટેક્ષની આવક આવે અને તેની ત્રણ સાયકલ પણ ગણીએ તો એ ૩૦૦ કરોડ રૂપિયાની સરકારી આવકમાંથી બીજી અનેક જનકલ્યાણકારી યોજનાઓ જાહેર થઈ શકે છે અને તેથી જ જરૂરિયાતમંદ મહિલાઓને આ યોજનાનો જલ્દીથી લાભ મળે અને "અંત્યોદય"ના આ અભિયાન થકી અખંડ સ્વદેશ નવનિર્માણ વિઝન-૨૦૩૪ તરફના પ્રયાણને વેગ મળે એ જ અભ્યર્થના....

# પુંસરી માં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ઉજવણી કરવામાં આવી









કમલમ દૈનિક, અરવલ્લી મહેન્દ્રપ્રસાદ

અંખડ ભારતના શિલ્પી લોહ પુરૂષ સરદાર સાહેબ ની જન્મ જયંતીના પ્રસંગે પુંસરી ખાતે સરદાર સાહેબની પ્રતિમાને ફૂલહાર કરી સન્માનિત કર્યા. પુંસરી ગામના વિકાસ માટે મહત્વનું યોગદાન આપનાર સ્વ ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી શ્રી કેશુબાપા ના માનમાં બે મિનિટનું મૌન પાળ્યું અને શ્રદ્ધાજંલી આપી. આ પ્રસંગે જાયન્ટ મોડાસા ના પ્રમુખ આ વિસ્તારના પૂર્વ જી. પંચાયત સભ્ય નરેન્દ્ર પટેલ અને પુંસરી ના મહિલા સરપંચ સુનંદાબેન પટેલ પુંસરી દૂધ મંડળીના ચેરમેન રોનક પટેલ ગ્રા. પં સભ્યો ગ્રામજનો મોટી સંખ્યા માં હાજર રહ્યા..

# શરદ પૂર્ણિમાના દર્શનાર્થે યાત્રાધામ શામળાજી માં ભક્તો નું ઘોડાપુર ઉમટ્યું

કમલમ દૈનિક, અરવલ્લી

ભગવાન શામળીયાના દર્શન કરવા વહેલી સવારથી જ ભક્તો ઉમટ્યા આજરોજ શરદ પુણિમા ના પાવન દિવસે ભગવાન શામળીયાના દર્શન કરવા માટે દુર દુર થી ભક્તો વહેલી સવારથી જ કાળીયા ઠાકોરના દરબારમાં આવી પહોંચ્યા હતા અને લાંબી લાઈન માં ગોઠવાઈ ગયા હતા સરકાર ની ગાઈડ લાઈન મુજબ સોશિઅલ ડીસટૃન જાળવીને તથા સેનેટાઈજ કરીને તથા માસ્ક પહેરીને પ્રવેશ આપવામાં આવતો હતો ભગવાન નાં સન્મુખ દર્શન કરવા માટે મંદિર





પરિસરમાં લાંબી લાઈન માં ઉભા રહીને ભગવાન નાં સન્મુખ દર્શન કરીને ભક્તો ધન્ય બન્યા હતા મંદિર નાં પુજારી પરેશભાઈ તથા વિનયભાઈ દ્વારા ભગવાન શામળીયાને સુંદર વાંધા સફેદ ઝરીવાડા વાધામા સુશોભિત કરવામાં આવ્યા હતાં ભગવાન શામળીયાને સોના ચાંદી હીરા મોતી નાં આભુષણ થીં શણગારવામાં આવ્યા હતા ભગવાન ની મનમોહક મુતી આગળ થી ભક્તો બહાર નિકડવાનુ નામ નહોતાં લેતાં મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો શાંતિ થી દર્શન કરેતે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું મંદિર પરિસરમાં તથા બજાર વિસ્તારમાં હાઈવે રોડ પર શામળાજી પી એસ આઈ દેસાઈ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો ભક્તો ભગવાન નાં દર્શન કરીને બજારમાં થી આદું રતાડાની ખરીદી કરતા હતા આ વિસ્તારનું દેશી આદું પૃખયાત છે શરદ પુનમ નાં દિવસે રાસ ગરબા નો પ્રોગ્રામ આ વર્ષે બંધ રાખેલ છે રાત્રે દુધ પોવા પણ દર વર્ષે મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો ને આપવામાં આવતાં હતાં પરંતુ આ વર્ષે કોરોના ને કારણે સરકારની ગાઈડ લાઈન મુજબ રાસ ગરબા નો પ્રોગ્રામ બંધ રાખેલ છે ભગવાન નાં દર્શન કરીને ભક્તો ધન્ય બન્યા હતા.

# સ્વચ્છ અને પુષ્કળ પ્રાણવાયુના અભાવે મસ્તિષ્ક સંસ્થાન અસંતુલિત બની જાય છે









કમલમ દૈનિક, સુરત જયંતિ કાકડિયા

આજના અમારી સંસ્થાના અતીથી દેવો ભવ.એવા મનસુખભાઈ ની ગઈકાલે મુલાકાત કરી અને આજે અમારા મહેમાનતરીકેતો?ખરા પણ અમારી સંસ્થાના સભ્ય તરીકે.હૂમનસુખભાઈ નેઅને તેમના પરીવાર નેવંદન કરૂં છું પ્રણામકરુછૂઅને એમના માટે મારી પાસે લખવા શબ્દોનથી અને સાહેબ નવાણુ વખત રકતદાન?કરી અનેરેકોડ કરેલ છેઅનેહવે પછી સો મી. વાર જયારે રક્તદાન કરે ત્યારે અમારી સંસ્થા સો વૃક્ષોનું રોપનકરશે અને હાલ અમારી સંસ્થાને સો નહીં પણ એકસો પચાસ જેટલા વાસ વૃક્ષોના ઉછેર માટે આપેછે હું ગ્રીન આર્મી ગૃપના તમામ સભ્યો વતી મનસુખભાઈ અને તેના પરીવારને સેલ્યુટ?કરૂછુ પ્રણામ કરૂછૂ જયશ્રીકૃષ્ણ જયસ્વામીનારાયણ બાપાસીતારામ? તુલશીભાઈ? માંગુકિયા નીચે બુદ્ધત્વ પ્રાપ્ત થયું હતું .

હાલમાં દુનિયાની પેટ્રોલિયમની જરૂરિયાત પૂરી પાડનાર આરબ રાષ્ટ્રો પ્રાચીનકાળમાં ક્યારેક ગાઢ જંગલોનો વિશાળ ભૂભાગ હતાં . કાળચક્રના પરિવર્તનની સાથોસાથ વિશાળ વનસંપત્તિ ભૂમિમાં દબાઈ ગઈ અને તેની ઉપર રણ બની ગયું . તેમના દ્વારા થયેલ દુષ્કૃત્યોની જ આ પરિણતિ છે . વાતાવરણના નિર્માણમાં વૃક્ષોનું જે મહત્ત્વ છે તે તરફ હવે ધીરે ધીરે પર્યાવરણવિદોનું પણ ધ્યાન ગયું છે . વર્તમાન શોધોથી એ તથ્ય સ્પષ્ટ રીતે સામે આવ્યું છે કે એક વૃક્ષ પ્રાણવાયુના રૂપમાં જેટલા ઑક્સિજનનું વિસર્જન કરે છે તે લગભગ છે લાખ વ્યક્તિઓને માટે પર્યાપ્ત છે . દુર્ભાગ્યથી વૃક્ષ આપણો જીવનપ્રાણ ૨ .આ વૃક્ષ પણ જો કારખાનાના મજૂરોની માફક થોડાક કલાક હડતાળ પાડી દે તો આખા વિશ્વનો નાશ થઈ જાય . ને અન્ય વૃક્ષોની માફક પીપળાના વૃક્ષમાં કાર્બન ડાયોક્સાઈડ ( COO ) ના શોષણની ક્ષમતા તથા ઑક્સિજનના ઉત્સર્જનની ક્ષમતા વધુ છે . આ સત્યને આપણા ઋષિ મુનિઓએ પણ સમજું હતું . આ જ કારણે ભારતીય હિન્દુ ધર્મમાં પીપળાના વૃક્ષને કાપવાની મનાઈ છે . વૃક્ષોની કમીને કારણે જ વાતાવરણમાં પ્રદૂષણની સમસ્યા પેદા થઈ ગઈ છે . જો વૃક્ષો ઉગાડીને તેને રોકવામાં નહિ આવે તો કાર્બન ડાયોક્સાઈડની અધિકતાથી વાતાવરણમાં ગરમી વધશે અને ધ્રુવીય ક્ષેત્રોનો બરફ પીગળીને સમુદ્રની વૃક્ષ આપણો જીવનપ્રાણ ૩ વૃક્ષ આપણો જીવન પ્રાણ મસ્યપુરાણમાં એક કથા આવે છે જે અનુસાર દસ કૂવાઓના નિર્માણનું પુણ્ય એક તળાવના નિર્માણ બરાબર તથા દસ તળાવોનું નિર્માણ એક સદ્ગણી પુત્રના નિર્માણ બરાબર તથા દસ સદ્ગણી પુત્રો જેટલું પુણ્ય એક વૃક્ષને ઉછેરવામાં માન્યું છે . અહીં વૃક્ષનું મહત્ત્વ દર્શાવાયું છે . વેદો , ઉપનિષદો તથા આર્ષગ્રંથોમાં આ બાબતે વિસ્તૃત વિવરણ મળે છે કે મહાન ઋષિ , તત્ત્વદર્શી કોઈ મહેલમાં નહિ , પરંતુ વનો અને વૃક્ષોના સંપર્કમાં રહીને સૂક્ષ્મ દષ્ટિવાળા બન્યા હતા અને તેમની છાયામાં સોંથોનું સર્જન કર્યું હતું . ભગવાન બુદ્ધને રાજમહેલોમાં નહિ , પરંતુ વડના ઝાડ વૃક્ષ આપણો જીવનપ્રાણ ૧બધા પ્રાણીઓ પર ઉપકાર કરતાં રહે છે . સુપ્રસિદ્ધ પર્યાવરણવિદ્રક્ષમાનવ ડૉ . રિચાર્ડ બેકરનું કહેવું છે કે ઘટાદાર વડનાં વૃક્ષોના વાયુમાં એક વિશિષ્ટ પ્રકારની આદ્રતા ( ભીનાશ ) હોય છે , જેનાથી તેની આસપાસના રહેવાસીઓ સ્વસ્થ અને સક્રિય બની રહે છે . ઝાડને કાપ્યા કરવાથી રોગોના આક્રમણનો દર વધતો જાય છે . શ્વાસ અને ચામડીના રોગોએનું દુષ્પરિણામ છે . શરીરશાસ્ત્રીઓના મતાનુસાર ઑક્સિજન જીવનનો સ્રોત છે . વાતાવરણમાં તેની ઊણપ ફક્ત શારીરિક રુગણતા જ પેદા કરતી નથી , પરંતુ અનેક પ્રકારના માનસિક રોગોને પણ ઉત્પન્ન કરે છે . સ્વચ્છ અને પુષ્કળ પ્રાણવાયુના અભાવે મસ્તિષ્ક સંસ્થાન અસંતુલિત બની જાય છે . પસપાટી ઊંચી આવવાની અને જળપ્રલય થવાની સ્થિતિ ઉત્પન્ન થઈ શકે છે . વિષ્ણુપુરાણમાં ઉલ્લેખ છે કે ફળફૂલ આપનાર વૃક્ષોનો જ્યાં નાશ કરવામાં આવે છે ત્યાં અનાવૃષ્ટિ , અતિવૃષ્ટિ અને દુકાળ જેવાં સંકટો ચોક્કસ આવે છે . તેમાં જ આગળ કહેવાયું છે કે જેણે ફળ અને ધનનું રક્ષણ અને વૃદ્ધિ કરવાં હોય તેમણે ફળાઉ ઝાડનું રક્ષણ અને અભિવૃદ્ધિ કરવાં જોઈએ . અગ્નિપુરાણમાં વૃક્ષોના મહિમાનો સ્પષ્ટ ઉલ્લેખ છે . તેમાં કહેવાયું છે કે વૃક્ષો જેવું ઉપકારક બીજું કશું નથી , જેવાણમાગ્યે કોઈપણ ભેદભાવ વિના અને બદલાની ભાવના વિના પત્ર , પુષ્પ , ળ , મૂળ , વલ્કલ અને કાષ્ટ તથા શીતળ છાયાથી વૃક્ષ આપણો જીવનપ્રાણ

# સગીરાના અપહરણના ગુનામાં છેલ્લા વીસ વર્ષથી ભાગેડુ આરોપીને કેશોદથી દબોચતી અરવલ્લી એલસીબી પોલીસ.



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના પોલીસ અધિક્ષક સંજય ખરાતે જીલ્લામાં ગુનાખોરીમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની તાકીદ પછી જીલ્લાના પોલીસ તંત્રએ ભાગેડું આરોપીઓને શોધી કાઢવા બાતમીદારો અને એજન્સીઓને કામે લગાડી ધનસુરા પોલીસ મથકના સગીરાના અપહરણના ગુનેગાર આરોપી જે છેલ્લા વીસ વર્ષથી પોલીસની નજર ચુકવી નાસતો ફરતો હતો. એલસીબી અરવલ્લીના પોલીસ ઈન્સ્પેક્ટર આર કે પરમાર અને સ્ટાફના માણસો મોહનસિહ ફતેસિહ, નરેન્દ્રસિંહ પદમસિહ, મનિષકુમાર બાબુલાલ સાથે આ અપહરણના આરોપીને શોધી કાઢવા બાતમીદારો અને એજન્સીઓને કામે લગાડી માહિતી મેળવતાં ધનસુરા પોલીસ મથકના એમ કેસ નં. ૫/૨૦૦૦.થી રજીસ્ટર્ડ ગુનામાં ધનસુરા ગામની સગીરાનું અપહરણ અગાઉ કરી આ ગુનામાં નાસતા ફરતા આરોપી પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના જાંબુડી ગામના વિજય ઉર્ફે જીતુભાઈ ગોરધનભાઈ મકવાણા (આદિવાસી) જુનાગઢ જીલ્લાના કેશોદ ખાતે ઈન્દિરાનગરમાં છુપાઈને રહે છે. તેવી બાતમીના આધારે પોલીસે છેલ્લા વીસ વર્ષથી પોલીસની નજર ચુકવી નાસતા ફરતા આરોપીને ઈન્દિરાનગર કેશોદ ખાતે છાપો મારી ઝડપી લીધો હતો.




## બાઈક પર વિદેશી દારૂની ખેપ મારવા નિકળેલા પરપ્રાંતિય શખ્સને ૬૦ હજારના મુદામાલ સાથે દબોચતી અરવલ્લી એલસીબી પોલીસ.

કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણની રેલમછેલ રોકવા અરવલ્લી જીલ્લાના પોલીસ અધિક્ષક સંજય ખરાતે સુચના અને માર્ગદર્શન આપ્યા બાદ પોલીસ તંત્ર સતર્ક થતાં રોજેરોજ વિદેશી દારૂ પકડાવાનો સિલસિલો જારી રહ્યો છે. ભિલોડા પોલીસ મથક વિસ્તારમાં એક પરપ્રાંતિય ખેપીયો બાઈક પર વિદેશી દારૂની ખેપ મારવા જતાં એલસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. એલસીબી અરવલ્લીના પોલીસ ઈન્સ્પેક્ટર આર કે પરમાર અને તેમની ટીમના માણસો ભિલોડા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે, રાજસ્થાન તરફથી એક બજાજ એવેન્જર બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી અમદાવાદ તરફ થનાર છે. આથી એલસીબી પોલીસ ભાણમેર ગામની સીમમાં નાકાબંધી ગોઠવી ઉભા હતા ત્યારે બાતમીવાળું બાઈક આવી પહોંચતાં તેને રોકી ઝડતી લેતાં ભારતીય બનાવટની વિદેશી દારૂ /બિયરની બોટલ નંગ. ૪૮.જેની કિંમત રૂપિયા ૯,૬૦૦/- તથા મોબાઈલ અને બાઈક મળી કુલ રૂપિયા ૬૦,૧૦૦/- ના મુદામાલ સાથે રાજસ્થાન રાજ્યના ઉદેપુર જીલ્લાના ઉપલા ફળિયું કણબઈ ગામના અનિલ સવજી ગામેતીની ધરપકડ કરી જેલભેગો કરી ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.














## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫ મી જન્મજયંતિ ઉજવણી "

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫ મી જન્મ જયંતિ ઉજવણીએ સુતરાંજલિ સહ વંદના તથા રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમ

કમલમ દૈનિક,

સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫ મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે હાલની વૈશ્વિક મહામારી કોરોના વાયરસ" (COVID.19) ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ , કોરોના વાયરસના સંક્રમણ અંગેના અટકાયતી , તકેદારી તથા નિયંત્રણના ભાગરૂપે તા .૩૧ / ૧૦ / ૨૦૨૦ ને શનિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફકત સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ , વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ વગેરે મારફત સોશીયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે સુતરાંજલી અર્પણ કરી વંદના તથા રાષ્ટ્રીય એકતા દિવસ શપથ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો . ભારતને મળેલ સ્વતંત્રતા બાદ દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરીને સરદાર વલ્લભભાઈ પટેલએ અખંડ ભારતનું નિર્માણ કર્યું . સરદાર સાહેબની કાર્ય કુશળતા , દ્રઢ મનોબળ , અને આગવી કોઠાસૂઝથી તમામ રજવાડાઓને ભારતમાં સામેલ કરી એક મજબૂત અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું . ગુજરાતના પનોતા પુત્ર અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને આદરાંજલિ આપવા તથા તેમનામાં રહેલા દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી તેને ચરિતાર્થ કરવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧ મી ઓકટોબરને " રાષ્ટ્રીય એકતા દિવસ " ઉજવણી અંતર્ગત સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને સમાદરપૂર્વક સ્મૃતિબદ્ધ કરવા , એને જન જન સુધી પહોંચાડી એકતાના સુત્રમાં બાંધવા યૌવનસહજ જોમથી ભાવાજલિ આપવાના પ્રતિક સ્વરૂપ " રાષ્ટ્રીય એકતા દિવસ શપથ " કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . તા .૩૧ / ૧૦ / ૨૦૨૦ ના રોજ માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ અને અન્ય મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી . બાદમાં દેશને સમૃદ્ધ બનાવવા એક , નેક અને મજબુત બનાવવાની પહેલ સાથે સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા અખંડિતતા અને સુરક્ષા ટકાવી રાખવા " રાષ્ટ્રીય એકતા દિવસ " ના શપથ અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત " સ્વચ્છતા સંકલ્પ " લેવડાવ્યા હતા . ભારતીયોના દિલમાં રાષ્ટ્રપ્રેમનો નવો જુસ્સો પેદા કરતી અને સમગ્ર વિશ્વને ભારતની દ્રઢતા , એકતા અને ક્ષમતાનો પરિચય કરાવતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫ મી જન્મજયંતિ ઉજવણીએ યોજાયેલ સુતરાંજલિ સહ વંદના તથા રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમમાં શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા , શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા , સાંસ્કૃતિક સમિતિ ચેરમેન શ્રીમતી રશ્મિકાબેન પટેલ , પાણી સમિતિ ચેરમેનશ્રી હિંમતભાઈ બેલડીયા તથા અધિકારીશ્રીઓએ સોશિયલ ડિસ્ટન્સીંગ રાખી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરી શપથ લીધા હતા .



કમલમ દૈનિક,

નલિયા ખાતે door to door પ્રચાર કર્યો જેમાં લોકોના પ્રતિસાર સાંભળી ખુબ જ ઉત્સાહિત છીએ. નખત્રાણા -લખપત -અબડાસા ની જનતા નો ખુબ ખુબ આભાર...



કમલમ દૈનિક,

નખત્રાણા ખાતે door to door પ્રચાર કર્યો જેમાં લોકોના પ્રતિસાર સાંભળી ખુબ જ ઉત્સાહિત છીએ. નખત્રાણા -લખપત -અબડાસા ની જનતા નો ખુબ ખુબ આભાર...



કમલમ દૈનિક,

નખત્રાણા તાલુકા પ્રવાસ કાર્યક્રમ દરમિયાન "લીંબાણી નગર , ઉમિયા નગર " મુલાકાત લીધી, પ્રવાસ દરમિયાન જિલ્લા આગેવાનો, મંડળ પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, હોદેદારો, સ્થાનિક મંડલના આગેવાનો તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો હાજર રહ્યા.




# સુરત મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર સુરતને નંબર ૧ બનાવવા માટે પ્રયત્કરી રહ્યું છે







કમલમ દૈનિક,

સમગ્ર દુનિયા અને ભારત દેશ માર્ચ -૨૦૨૦ થી કોરોના વાયરસથી લડી રહયા હોય ત્યારે અનલોક -૪ પછી વિવિધ રાજયો અને અન્ય શહેરોમાંથી કારીગરો કામ પર સુરત પાછા ફરી રહયા હોય ત્યારે " મારૂં પરીવાર , મારી જવાબદારી " નો અમલ કરી કોવિડ –૧૯ ને અટકાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારની સૂચના મુજબ કોવિડ –૧૯ વધુ ન ફેલાય અને તે માટે SOP ( ગાઈડલાઈન ) નો અમલ થાય તે અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ડાયમંડ , ટેક્ષટાઈલ , ઉદ્યોગો વગેરેના સંચાલકોને નોડલ ઓફીસરશ્રીનો સમાવેશ કરી ૬૦૦૦ થી વધુ " સ્વચ્છ સુરક્ષા કવચ કમિટિ " બનાવવામાં આવેલ છે . આ " સ્વચ્છ સુરક્ષા કવચ કમિટિ " ની કામગીરી સુવ્યવસ્થિત રીતે થાય અને તમામ સંસ્થાઓ સ્વયંશિસ્ત કોરોનાનો મુકાબલો કરી શકે તે માટે તથા " સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૧ " માં સુરત શહેરમાં આવેલ ટેસ્ટાઈલ માર્કેટ નો સહયોગ મળી રહે તે માટે મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની , આઈ.એ.એસ.ની અધ્યક્ષતામાં તા . ૩૦-૧૦-૨૦૨૦ ના રોજ સુડા ભવન , વેસુ ખાતે ટેસ્ટાઈલ માર્કેટના હોદ્દેદારો સાથે મીટીંગ મળી હતી . ડે.કમિશ્નરશ્રી હેલ્થ એન્ડ હોસ્પિટલ ડો.આશિષ નાયક એ મીટીંગમાં ઉપસ્થિત ટેક્ષટાઈલ માર્કેટના હોદ્દેદારો ને આવકારી " સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૧ " નું વિસ્તૃત પ્રેઝન્ટેશન રજુ કરી સુરત ને સમગ્ર દેશમાં સ્વચ્છતામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થાય તે માટે સહયોગ આપવા હાકલ કરી હતી . ટેસ્ટાઈલ માર્કેટના હોદ્દેદારોને સફાઈ અભિયાન , માસ્ક વિતરણ જેવી પ્રવૃતિઓ કરી તેના ફોટા ભારત સરકારની વેબસાઈટ SWACHHTA MUNCH ઉપર અપલોડ કરવા અંગેની જાણ કરી હતી . મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની , આઈ.એ.એસ એ ટેક્ષટાઈલ માર્કેટોમાં " સ્વચ્છ સુરક્ષા કવચ કમિટિ બનાવવા બદલ આભાર માની ટેક્ષટાઈલ માર્કેટોમાં માસ્ક વગર પ્રવેશ ન આપવા , ભીડ એકઠી ન થાય એ રીતે સોશિયલ ડીસ્ટનશ જાળવવુ , ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ દુકાનોને અવાર નવાર સેનેટાઈઝ કરાવવી , તેમજ તાવ , શરદી , ખાંસી તથા શ્વાસ લેવામાં તકલીફ વગેરે જેવા લક્ષણો ધરાવતા કર્મચારી , કામદારો જાહેર જનતા માટે લીંબાયત અને સેન્ટ્રલ ઝોનના ટેસ્ટીંગ સેન્ટર , ધન્વન્તરી રથ ઉપર ટેસ્ટ કરાવવા તથા કોરોના સંક્રમણ અટકાવી શકાય તે માટે જરૂરી સહકાર આપવા અપીલ કરી હતી . આપણે સૌએ સંયમ જાળવીને જન્માષ્ટમી , ગણેશ ઉત્સવ , નવરાત્રી , દશેરા જેવા તહેવારો સંયમ પુર્વક ઉજવ્યા હતા તે રીતે આગામી દિવસોમાં ચંદની પડવા જેવા તહેવારો આવી રહ્યા છે ત્યારે આજ પ્રકારનો સહયોગ આપવા જાહેર જનતાને અપીલ કરી હતી કે આવા તહેવારોમાં વાયરસ નો ફેલાવો ન કરતા સંયમ જાળવી ખુશીઓ નો ફેલાવ કરીશું . " સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૨૧ " અંતર્ગત સુરત શહેર પ્રથમ ક્રમ પ્રાપ્ત કરે તે માટે સીટીઝન ફીડબેક વધુમાં વધુ મળે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી સ્વચ્છતા મંચ ઉપર અપલોડ કરવા જણાવ્યું હતું . તમામ સંસ્થાઓએ તેમના એકમોમાં કાર્યરત કર્મચારીઓ / કામદારો / મુલાકાતીઓ / ગ્રાહકો જાહેર જનતા વિગેરેને માસ્ક પહેરવા , સોશીયલ ડિસ્ટન્સ જાળવવા તથા વારંવાર સેનીટાઈઝરનો ઉપયોગ કરવા સૂચના આપવાની રહેશે તથા તેવા સાઈનેજીસ સહેલાઈથી દેખાય તે રીતે પ્રદર્શિત કરવાના રહેશે . ટેક્ષટાઈલ માર્કેટના હોદ્દેદારો એ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર સુરતને નંબર ૧ બનાવવા માટે પ્રયત્ન કરી રહ્યું છે ત્યારે શહેરના નાગરીકો અને ટેક્ષટાઈલ માર્કેટો તરફથી પુરતો સહયોગ આપવા ખાતરી આપી હતી અને સુરત મહાનગરપાલિકાના નાના કર્મચારી થી લઈ ઉચ્ચ અધિકારી / પદાધિકારીના પ્રયત્નો થી વર્ષ ૨૦૨૦ માં સુરતે બીજો ( ૨ ) ક્રમાંક પ્રાપ્ત કરેલ છે તે બદલ તથા કોવિડ નિયંત્રણની કામગીરી બદલ સુરત મહાનગર પાલિકાનો આભાર વ્યકત કર્યો હતો .

